| GJPM170002922026 | | રજુ તારીખ : | ૨૩/૦૨/૨૦૨૬ |
|---|---|---|---|
| | | દાખલ તારીખ : | ૨૩/૦૨/૨૦૨૬ |
| | | ફેંસલ તારીખ : | ૦૯/૦૩/૨૦૨૬ |
| | | સમય ગાળો : | વર્ષ : માસ : દિન |
| | | | ૦૦ ૦૦ ૧૪ |

**હાલોલના મહે. ત્રીજા એડીશ્નલ સેશન્સ જજશ્રીની કોર્ટમાં,પંચમહાલ, મુકામ : હાલોલ.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૮૯/૨૦૨૬**
આંક :-૦૫

**આબેદઅલી મુખત્યારઅલી મકરાણી,**
ઉ.વ.આ.૨૨, ધંધો:ખેતી/મજુરી,
રહેવાસી:હાલ રાજગઢ, પાલ્લા,
તા.ઘોઘંબા, જિ.પંચમહાલ,
મળુ રહે.શિહોરાભાગોળ, સાવલી,
તા.સાવલી, જિ.વડોદરા. .....અરજદાર.

વિરૂધ્ધ

શ્રી સરકાર .....સામાવાળા.

**બાબત:- ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ: ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી એમ.આઈ.મકરાણી
સામાવાળા શ્રી સરકાર તરફે વિદ્વાન સ્પે.એ.પી.પી.શ્રી જે.એ.પાઠક

**-: ચુ કા દો :-**

(૧). અત્રે અરજદાર/આરોપી રાજગઢ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૭૦ ૫૫૨૬૦૦૬૯/૨૦૨૬ ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ, ૨૦૧૧ ના સુધારા ૨૦૧૭ ની કલમ-૮(૨), ૮(૪), ૧૦ તથા ઘી પ્રાણી ક્રુરતા

અધિનિયમ, ૧૯૬૦ની કલમ–૧૧(૧)(ડી)(ઈ)(એફ) તથા ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ–૩૨૫ તથા જી.પી.એકટ કલમ–૧૧૯ મુજબના ગુન્હાના કામે આરોપી છે, જેઓ સદરહુ ગુન્હાના કામે હાલ જયુડીશીયલ કસ્ટડીમાં હોઈ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ:૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા હાલની અરજી કરેલ છે.

(૨). આક્ષેપિત ગુન્હાની હકીકત:–

આક્ષેપિત બનાવમાં આ કામના અરજદાર આરોપી નં.(૧) તથા રેઈડ દરમ્યાન નાસી જનાર આરોપીઓ (૨) યારમહંમદ મહંમદરફીક મકરાણી (૩) અજીતઅલી મુમતાજઅલી મકરાણી (૪) ફીરોજાબીબી મહંમદરફીક યારમહંમદ મકરાણી (૫) મહંમદરફીક યારમહંમદ મકરાણી તમામ રહે.રાજગઢ પાલ્લા, તા.ઘોઘંબા, જિ.પંચમહાલનાઓ ભેગા મળી એક ગૌવંશ એક બળદને પગે દોરડા વડે બાંધી જમીન ઉપર પાડી દઈ આરોપી નં.૫ તથા આરોપી નં.૩ નાએ બળદના પગ પકડી રાખી તથા આરોપી નં.૪નાએ બળદનુ પુછડુ પકડી રાખી તથા હાલના અરજદાર આરોપી નં.૧ નાએ બળદના શીંગડા પકડી રાખી તથા આરોપી નં.૨ નાએ બળદને ગળાને ભાગે છરા વડે કાપી બધા ભેગા મળી તેના માંસના નાના ટુકડા કરી આરોપી નં.૪ નાએ ગૌમાંસની પ્લાસ્ટીકની કાળી થેલીઓમા ભરી આરોપી નં.૫ નાએ માંસને ત્રાજવાથી તોલી આરોપી નં.૨ ના ઘરે પલંગમા તથા ફ્રીજમાં મુકી હાલના અરજદાર આરોપી નં.૧, ૨, ૩ નાઓ અરજદાર આરોપી નં.૧ ની રીક્ષામા માથુ શીંગડા સાથેનુ તથા ચામડુ તથા આંતરડા તથા હોજરી નદીમા નાખવા માટે જતા રીક્ષામાંથી આરોપી નં.૨, ૩ નાઓ પોલીસની રેઈડ જોઈ ભાગી ગયેલ અને હાલના અરજદાર આરોપી નં.૧નો પકડાય જઈ તેમજ આરોપી

નં.૨નાએ લાલ કલરની ગાયો ૦૨ તથા બળદ ૦૧ તથા વાછરડો ૦૧ ને કતલ કરવા સારુ લાવી ગાયો તથા બળદને તથા વાછરડાને પગમા ટુકા ટુકા દોરડા વડે બાંધી રાખી પાણીની કે ઘાસચારની વ્યવસ્થા કરી નહી ગુનો કરેલ.

(૩). અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી મકરાણીએ અરજી તથા ફરિયાદ હકીકત વંચાણે લઈ, અરજી મુજબ દલીલો કરેલ છે અને વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, તપાસના કામે પોલીસ સાહેદો છે તેઓને ધાકધમકી આપવાનો સવાલ નથી. અરજદારનો કોઈ ગુનાહિત ભુતકાળ નથી. રીમાન્ડ માંગેલા જે બાદ માગેલ નથી માટે વધુ કસ્ટડીની જરુર નથી. ટ્રાયલ ચાલતા સમય લાગે તેમ છે. એન્ટીસીડન્ટ બતાવેલ છે તેમા નિર્દોષ છોડી દીધેલા છે. હાલના તબકકે ટ્રાયલ વખતે આરોપી હાજર રહેશે કે કેમ તે મુદ્દે રજુઆત છે કે લોકલ રહીશ છે અને માલ મિલકત આવેલી છે માટે ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે. જે રીક્ષામાંથી ગૌવંશના કત્લ કરેલ અંગો કે જે જગ્યાએથી ગૌવંશ કત્લ કરવાના સાધનો કે ગૌવંશ માંસ મળેલ છે તે રીક્ષા કે મકાનના અરજદાર માલિક નથી. વધુમાં, જામીન પર મુકત કરવામા આવે તો નામ. કોર્ટ જે કઈ શરતો ફરમાવશે તેનુ અક્ષરસઃ પાલન કરવાની ખાતરી આપીએ છીએ તેમજ ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે તેમ જણાવી અરજદારને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪). સામાવાળા સરકાર તરફે વિ.સ્પે.પી.પી.શ્રી પાઠકનાઓએ જામીન અરજીનો વિરોધ કરી ત.ક.અ.શ્રીના આંક-૪ વાળા સોગંદનામા મુજબની રજુઆત કરેલ છે અને વધુમાં તેઓએ જણાવેલ છે કે બનાવ તા.૭/૨/૨૦૨૬નો છે. ફરિયાદમાં જે વર્ણન લખેલ છે કે કેવી રીતે કત્લ

કરવામા આવેલ છે. સ્થળ ઉપરથી નાસી જનાર બીજા ચાર આરોપીઓને પકડાવના બાકી છે. અરજદાર સ્થળ ઉપર પકડાયેલ હોય, કત્લ કરેલ પશુ સ્થળ પરથી મળી આવેલા છે. જાણીબુઝીને કત્લ કરેલ છે કત્લ કરેલ છે એટલે એવુ નથી કે કોઈ આપી ગયેલ હોય. બીજા ચાર નામો જાહેર થયેલ છે. અટક એક સરખી છે માટે એક જ કુટુંબના પણ હોઈ શકે. અરજદાર આરોપી વિરુધ્ધ પ્રથમ દર્શનીય ગુનાનો કેસ છે. તપાસ હાલ ચાલુ છે. અન્ય ચાર આરોપીઓને પકડવાના બાકી છે જો અરજદાર આરોપીને બેઈલ આઉટ કરવામા આવે તો તપાસને વિપરીત અસર થાય તેમ હોવાનુ જણાવી ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ અરજદાર/આરોપીની હાલની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫). ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમની ૧૯૫૪ની કલમ-૬માં ગુજરાત એકટ નં.૧૮/૨૦૧૭ થી તા.૪/૯/૨૦૧૭ ના રોજથી અમલી બનેલ કલમ-૬(ખ) મુજબનો હોય કે જેમા કોઈપણ વ્યકિતને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કોઈપણ સ્વરુપમા ગૌમાંશ અથવા ગૌમાંશની બનાવટો વેચવા, રાખવા, સંગ્રહ કરવા કે તેની હેરફેર ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે અને કોઈપણ વ્યકિત તેના વેચાણની અથવા તો તેની ખરીદીની તૈયારી બતાવી શકશે નહી કે તેને પ્રદર્શિત કરી શકશે નહી. હાલના અરજદાર આરોપી સામેના આક્ષેપિત ગુના સબબ કાયદાની કલમ-૫(૧-ક)મા જોવામા આવે તો તેમા નિર્દિષ્ટ કરેલા પશુઓ એટલે કે ગૌ-વંશ છે અને તેનુ માંસ પકડાયેલ છે તે જોતા તેમજ કલમ-૬(ખ)ની જોગવાઈ જોતા કલમ-૫(૧-ક) મા નિર્દીષ્ટ કરેલા પશુઓનો સમાવશે હાલના ગુનાના કામે થયેલ છે. આમ, રેકર્ડ ઉપરથી

હકીકત જોતા આરોપીઓનો ઈરાદો ગૌ–વંશનુ કતલ કરી, માંસનો વેચાણ કરવાનો હતો તે સ્પષ્ટ થાય છે.

(૬). બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆત, અરજીમાં જણાવેલ હકીકતો, અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા, તપાસના કાગળો, તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ તથા ફરિયાદ ધ્યાને લેતાં તે સ્પષ્ટ થાય છે કે તા.૭/૨/૨૦૨૬ ના રોજ નોંધવામા આવેલ છે. એફ.આઈ.આર. મુજબ કુલ પાંચ આરોપીઓ દર્શાવેલ છે તે પૈકી આરોપી નં.૧, ૨ અને ૩ રીક્ષામા કત્લ કરેલ ગૌવંશના અંગો નદીમા નાખવા જતા પોલીસની રેઈડ જોઈ આરોપી નં.૨,૩ નાઓ નાસી ગયેલ અને હાલનો અરજદાર આરોપી નં.૧ આબીદઅલી પકડાય ગયેલ અને બાતમી વાળી જગ્યાએથી ગૌવંશ કત્લ કરવાના સાધનો તથા ગૌમાંસ મળી આવેલ અને સ્થળ પરથી પકડાયેલ છે તે જોતા અરજદાર/આરોપી વિરુધ્ધ પ્રથમ દર્શનીય ગુનાનો કેસ છે તેમજ બાતમી વાળી જગ્યાએથી ગૌવંશ કત્લ કરવાના સાધનો તથા ગૌમાંસ મળી આવેલ છે તે જોતા આરોપીઓનો ઈરાદો ગૌ–વંશનુ કતલ કરી, માંસનો વેચાણ કરવાનો હતો તે સ્પષ્ટ થાય છે. તપાસના કાગળોમાંથી એફ.એસ.એલ. બાયોલોજીકલ પરીક્ષણનો અહેવાલ વંચાણે લેતા પણ તેમાંથી પકડાયેલ માંસ તે ગૌ–વંશ તરીકે ઓળખાયેલ છે. એટલુ જ નહી, રોજબરોજ સમાજમાં આવા પ્રકારના ગુનાઓનુ ચલન વધતુ જાય છે તે સંજોગોમાં અરજદારને જામીન પર મુકત કરવામાં આવશે તો સમાજ ઉપર તેની વિપરીત અસર પડે તેમ છે તેમજ આવા પ્રકારના ગુનાઓ કરવાવાળાને ઉત્તેજન મળે તેમ જણાતુ હોય આ કામે અરજદાર/આરોપી સામેના આક્ષેપિત ગુનામાં સજાની જોગવાઈ, ગુનાનો પ્રકાર, આરોપીનો રોલ તેમજ ગુનાની

ગંભીરતા જોતા અરજદાર/આરોપીની હાલની અરજી ગ્રાહય રાખવા પાત્ર જણાતી ન હોય, ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

- અરજદાર/આરોપીની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ:૪૮૩ અન્વયેની રેગ્યુલર જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૯મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

હાલોલ. (**ભરત દાનાભાઈ પરમાર**)
તા.૦૯-૦૩-૨૦૨૬ ત્રીજા એડીશનલ સેશન્સ જજ, પંચમહાલ, હાલોલ.
( UNIQ I.D.No.GJ00759 )